


રંગોલી સ્કૂલ દ્વારા 'માય રંગોલી માય પ્રાઈડ' વિષયે કવિતા સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્કૂલમાં અભ્યાસ કરતા નાનાં ભૂલકાં અને તેમના માતા-પિતા માટે આ સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રેષ્ઠ કવિતા તરીકેનું ઈનામ પ્રેમનાં માતા-પિતા ખ્યાતિ અને યમરાજ પંડ્યાની કવિતાને પ્રાપ્ત થયું હતું. સંસ્થાના વડા પ્રહર અંજારિયા, ધર્મિષ્ઠા પ્રજાપતિના હસ્તે તેમણે આ ઈનામનો સ્વીકાર કર્યો હતો.

# શિક્ષિત મનુષ્ય રાષ્ટ્રની સૌથી મોટી મૂડી : રાજ્યપાલ



ગાંધીનગર, તા. ૧૫

વનવાસીઓની શૈક્ષણિક પ્રગતિ હેતુસર એકલ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે તે અભિનંદનને પાત્ર છે તેમ જણાવતા રાજ્યપાલે ઉમેર્યું હતુ કે આ એકલ અભિયાન વનવાસી બાળકોની ઉન્નતિ માટે, વિકાસ માટે, શિક્ષા માટે, સ્વાસ્થ્ય માટે અને સંસ્કાર માટે સતત ચિંતા કરે છે. આ ખૂબ જ મોટું મહાન કાર્ય છે.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે શિક્ષિત મનુષ્ય રાષ્ટ્રની સૌથી મોટી મૂડી છે. ગરીબ અને આદિવાસી વિસ્તારોના બાળકો જેઓ શાળાએ નથી જઈ શકતા તેઓના માટે આ એકલ અભિયાન આશિર્વાદરૂપ છે તેમ જણાવતાં રાજ્યપાલે માનવતાની બહુ મોટી સેવા કરનાર આ દાતાઓ તેમનું બહુમૂલ્ય યોગદાન આ જરુરતમંદ બાળકો માટે આપે છે તેમને ધન્યવાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે વનબંધુ પરિષદ એકલ અભિયાનના અધ્યક્ષે સંસ્થાની કામગીરીનો પરિચય આપ્યો હતો. વનવાસી અને અંતરિયાળ વિસ્તારોમા રહેતા બાળકોને શિક્ષિત કરવાનું મહાન કાર્ય કરનાર એકલ અભિયાનની સાત રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓ છે.

આ અભિયાનની શરુઆત ૧૯૮૯માં કોલકાતામાં કરવામાં આવી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ ભારતના વનવાસી અને ગ્રામીણ સમુદાયનાં લોકોને સામાજિક સમરસતા, શિક્ષણ માટે જાગ્રત કરવા, આર્થિક સશક્તા અને તેઓને સ્વાવલંબી બનાવીને આત્મસન્માન પ્રાપ્ત કરાવીને દેશની મુખ્યધારા સાથે જોડવા. એકલ વિદ્યાલયમાં એક ગામ, એક કેન્દ્ર અને એક શિક્ષક હોય છે. જેઓ ૬ થી ૧૪ વરસના બાળકો, અને ૧ થી ૪ ધોરણના ૨૫/૩૦ બાળકોને દરરોજ ૩ કલાક ભણાવે છે. સમગ્ર દેશમાં અત્યારે આવા કુલ ૮૮૦૯૭ એકલ વિધ્યાલય કાર્યાંવિત છે. આ એકલ સંસ્થા શાળા, ગ્રામોત્થાન, આરોગ્ય, સંસ્કાર અને ગામડાના લોકોને જાગ્રુત કરવાનું પંચમુખી શિક્ષાનું કામ કરે છે.

આ પ્રસંગે વનબંધુ પરિષદ અમદાવાદનાં FTSના અધ્યક્ષ અનિલભાઈ સોમાણી, મહિલા સમિતિ અમદાવાદના અધ્યક્ષ ઉર્મિલાબેન કાલંત્રી, સેક્રેટરી બબિતાબેન અગ્રવાલ અને દાતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જન્મદિને વધામણી



ઈન્દુમતિ એન. નિમાવત
મો. ૯૮૨૪૬ ૮૦૨૨૮



રૂદ્ર તેજસકુમાર દવે



પ્રાપ્તિ રાઠોડ



સિદ્ધિ ચિંતનકુમાર ત્રિવેદી
મો. ૯૪૨૮૦ ૫૦૧૧૧



કલગી પંકજ દેસાઈ
મો. ૮૪૦૧૦ ૩૩૧૦૫



આહના અમિત પંડ્યા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શિક્ષણની સાથે-સાથે વિદ્યાર્થીઓ આપણી ભારતીય પરંપરા અને વિવિધ પર્વોથી માહિતગાર થાય અને એકધારા ચાલી રહેલા જીવનમાં થોડો બદલાવ લાવી આનંદ-ઉલ્લાસ માણી શકે તે હેતુથી શાળા મૅનેજમૅન્ટ દ્વારા આ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા મકરસંક્રાન્તિનું મહત્ત્વ અને તેને ઉજવવા પાછળનું વૈજ્ઞાનિક, ધાર્મિક કારણ સમજાવવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ સહાધ્યાયીઓ તથા શિક્ષકો સાથે મળી પતંગો ચગાવી ખૂબ આનંદ માણ્યો હતો. સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ઉત્તરાયણ પર્વની શુભકામનાઓ પાઠવી સાવચેતીપૂર્વક તેને ઉજવવાની શિખ આપી હતી.

# કોઠા પ્રાથમિક શાળામાં પતંગોત્સવ



કલોલ તાલુકાની કોઠા પ્રાથમિક શાળામાં પતંગોત્સવ યોજવામાં આવ્યો હતો. ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ પતંગોત્સવમાં ભાગ લઈ આનંદ માણ્યો હતો.

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનો

# એનએસએસ શિબિર સંપન્ન થયો





ગાંધીનગર, તા. ૧૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટનો વાર્ષિક ગ્રામોત્થાન શિબિર ૬થી ૧૨ જાન્યુઆરી દરમિયાન માણસા તાલુકાના ભીમપુરા ગામે યોજાયો હતો. આ શિબિર 'ઈકોફ્રેન્ડલી વિલેજ' થીમ પર યોજાયો હતો. સાત દિવસના આ શિબિરમાં સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ જાળવણીના કાર્યક્રમો, દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ, પર્યાવરણની જાળવણી અને તેમાં બહેનોનો ફાળો, ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ જેવા કાર્યક્રમો ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. આ શિબિરમાં ઍનઍસઍસ યુનિટની ૪૨ સ્વયંસેવિકાઓ જોડાઈ હતી. કૉલેજ ઍનઍસઍસ યુનિટના સંયોજક ડૉ. નરેન્દ્ર કે પટેલે વિદ્યાર્થિનીઓ સાથે ગામમાં રોકાઈને તેમને વિવિધ પ્રવૃત્તિઓ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શિબિર અંતર્ગત ગુજરાત ક્લિનર પ્રૉડક્શન સૅન્ટરના ભરતભાઈ જૈન દ્વારા ગામનાં ૩૦ બહેનોને પાણી, વીજળી બચત માટે માર્ગદર્શન આપવા એક સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા ફર્સ્ટ એઈડ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા શાખાના ચૅરમૅન જીલુભા ધાધલ અને માણસા શાખાના દિનેશભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. ઈકોફ્રેન્ડલી વિલેજ અને પર્યાવરણના જતનમાં બહેનોનો ફાળો વિષયે હેમંતભાઈ સુથારના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ વિષયે આત્મા ફાઉન્ડેશનના સુરેશભાઈ પટેલ અને દિક્ષિત પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત શિબિરમાં ભાગ લેનારી વિદ્યાર્થિનીઓએ ગ્રામજનોને પાણી, વીજળીની બચત, પ્લાસ્ટિક અને પૅટ્રોલના વિવેકપૂર્ણ ઉપયોગ અંગે સમજ આપી હતી. ગામમાં ૧૦૦થી વધુ માળા પણ લગાવવામાં આવ્યા હતા. પર્યાવરણની જાળવણી અંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને લગ્ન ગીતોના કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું અને દરરોજ સવારે પ્રભાતફેરી તથા યોગ-પ્રાણાયામના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પક્ષીદર્શન અને માર્ગદર્શન અંગે વર્કશોપ




ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરના ભાટ નજીક નારાયણી હાઈટસમાં બર્ડ કન્વર્ઝેશન સોસાટી ઓફ ગુજરાત અને એચએસબીસી બેંકના સહયોગથી પક્ષીઓની ઓળખ, તેમનું રક્ષણ અને ગણતરી કરવી જેવી બાબતો અંગે પક્ષી પ્રેમીઓ માટે એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોથી માંડીને યુવાનો અને વડીલ પક્ષી પ્રેમીઓએ પણ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં તમામ પક્ષી પ્રેમીઓએ સવારથી દિવસ દરમિયાન ગાંધીનગર અમદાવાદની આસપાસના જળપ્લાવિત વિસ્તારોમાં ફરીને પક્ષીદર્શન કર્યું હતું. સાંજે તેમને માર્ગદર્શન પુરું પાડતા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં બીસીએસજીના પક્ષી નિષ્ણાંત ડૉ. બકુલ ત્રિવેદી, એચએસબીસી બેંકના સંજય મોંગા, રાજકોટ યુનિવર્સિટીના નિવૃત્ત પ્રો. સોની, ગાંધીનગરના નિવૃત્ત સીસીએફ ઉદય વોરા, વિજ્ઞાની તથા પક્ષીવિદ ડૉ. ભરત જેઠવા, ઈન્દ્રોડા પાર્કના પક્ષીવિદ ઈર્શાદ ઠેબા તથા તેમની ટીમ વગેરે દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

# પાંચ નોખા કલાકારોએ યોજ્યું એક અનોખું કલા પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૫

નિલેશકુમાર સિદ્ધપુરા દ્વારા આધુનિક અને બિનપરંપરાગત આર્ટ ઍક્ઝિબિશન સિટી પલ્સ આર્ટ ગૅલેરી ખાતે યોજવામાં આવ્યું હતું, જેમાં પાંચ કલાકારોનાં આર્ટ વર્ક્સ ડિસ્પ્લે કરવામાં આવ્યાં હતાં.

નિલેશકુમારનું કામ ગ્લાસ કાસ્ટિંગ અને વૂડ ઉપર હતું, જેમાં કુદરત અને આધુનિક તકનીકના સંબંધોની વાત વ્યક્ત કરાઈ હતી.

ઐશ્વર્યા સુલતાનીયાએ અસ્બેસ્ટોઝ શીટ્સ અને એક્રેલીય મીરર, પ્લાયવૂડનો સમન્વય કરીને અમૂર્ત ચિત્રો બનાવ્યાં હતાં.

હિતેન્દ્ર સિદ્ધપુરાએ બાળપણ અને માસુમિયતને ધ્યાનમાં રાખી ખ્યાત રમતો અને વાર્તાઓ આધારિત કૃતિઓ તૈયાર કરી હતી. કલ્પેશ વેકરીયાએ પેપરને વિવિંગ કરી, તેનું કેનવાસ બનાવી તેના પર એક્રેલીક કલરથી સંયોજનો તૈયાર કર્યાં હતાં.

રોહિત હર્ષદ દ્વારા જીવનની યાત્રાનું વર્ણન કરતા ફોટોગ્રાફ્સ આ પ્રદર્શનમાં પ્રસ્તુત કરવામાં આવ્યા હતા.

# માર્ગ સલામતીનો સરળ નિયમ - પહેલે આપ

Road Safety Week



પ્રસંગસર
તીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ભારત દેશમાં દર વર્ષે પાંચ લાખ માર્ગ અકસ્માતો થાય છે અને તેમાં આશરે દોઢ લાખ લોકો મોતને ભેટે છે; એટલે કે મહિને દસ હજાર કરતાં વધારે લોકોના મોત થાય છે. ઘણાને શારિરીક અને માનસીક કમજોરી આવે છે. મૃત્યુ પામનારમાં મોટાભાગના યુવાનો હોય છે. ડબ્લ્યુ.એચ.ઓ. ગ્લોબલના રીપોર્ટ મુજબ ૦૫થી ૨૯વર્ષની વયના યુવાનોમાં મૃત્યુનું મુખ્ય કારણ માર્ગ અકસ્માત માનવામાં આવે છે.

માર્ગ અકસ્માતોથી થતા વૈશ્વિક મૃત્યુ અને ઈજાઓની સંખ્યાને નિવારવા અને નાગરિકો અને વાહન ચાલકોમાં જાગૃતિ લાવવા માટે આઈ.એસ.એસ. અને એચ.એસ.ઈ. (આરોગ્ય સુરક્ષા અને પર્યાવરણ) દ્વારા માર્ગ સલામતીનું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો ઉદ્દેશ ફક્ત સરળ નિયમોનું પાલન કરીને લોકોને સલામતી બક્ષવાનો છે.

આ કાર્યક્રમમાં દેશભરના યુવાનો જોડાય અને માર્ગ સલામતીનો સંદેશ લોકો સુધી પહોંચે તે હેતુંથી આ વર્ષની થીમ છે: 'યુવાનો દ્વારા પરિવર્તન લાવવું.' રાજયના તમામ જીલ્લાઓમાં ૩૧મું 'માર્ગ સલામતી સપ્તાહ' ૧૧મી જાન્યુઆરીથી ૧૭ જાન્યુઆરી ૨૦૨૦ સુધી યોજાઈ રહ્યું છે. આ દરમિયાન પોલીસ અને આર.ટી.ઓ.દ્વારા રસ્તા ઉપર સલામતી માટે વાહનોની તપાસ કરે છે, ખૂબ જુના અને મેઈન્ટેન ન કરેલા વાહનોથી પેદા થતાં જોખમો વિશે ચાલકોને સલાહ આપે છે, વધુ ગતિ એ અકસ્માતોનું અને તેના દ્વારા મૃત્યુનું મુખ્ય કારણ છે તેની સામાન્ય લોકોને યાદ અપાવે છે. વોકાથોન, ટ્રાફિકના નિયમો તોડનારને ગુલાબ આપી સમજાવવા, મહિલાઓ દ્વારા વિવિધ વાહન રેલી, ઔદ્યોગિક વસાહતો, ટોલ પ્લાઝા ઉપર વાહન ચાલકો માટે મેડિકલ કેમ્પ, વર્લ્ડ બેન્ક સાથે મળીને નેશનલ હાઈવે મેનેજમેન્ટ સિસ્ટમ લોન્ચ કરવી, માર્ગ સલામતી ક્ષેત્રે શ્રેષ્ઠ દેખાવ કરનાર રાજ્યને એવોર્ડથી સન્માનીત કરવા, રોડ સલામતી અંગે કામકરતી સંસ્થાઓને પ્રોત્સાહિત કરવી, વિવિધ પ્રચાર-પ્રસાર માધ્યમો સાથે સંવાદો યોજવામાં આવે છે. આ ઉપરાંત વાહનમાં નવી ટેકનોલોજી ઉપર સેમિનાર, ઓટોમોબાઈલ ૨૦૨૩નો ગ્લોબલ સ્ટાન્ડર્સ મુજબ પરિસંવાદ, મોટર વાહન વીમા અંગે વિવિધ વર્કશોપ, લૉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા વાહનોના કાયદા અંગે પ્રેઝન્ટેશન સહિતના જન જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરી આ કાર્યક્રમ દેશભરના લોકો સુધી પહોંચાડી તેમને માર્ગ સલામતીની યાદ અપાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારો આપણા રસ્તાઓને સુરક્ષિત બનાવવા માટે વિવિધ પગલાં અમલમાં મૂકી રહી છે. પરંતુ સમસ્યા એટલી ગંભીર અને વિસ્તરીત છે એટલે એના હલ માટે કોઈ એકના પ્રયત્નો પૂરતા નથી. પરંતુ સમગ્ર સમાજે આમાં જોડાઈ માર્ગ સલામતીને સામાજિક ચળવળ બનાવવા માટે હાથ મિલાવવાની જરૂર છે. પરિવહન ક્ષેત્ર, વીમા ક્ષેત્ર, આરોગ્ય ક્ષેત્ર, પોલીસ, કાનૂની ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ, હાઈવે એન્જિનિયરો, વાહન કંપનીઓ, જાહેર એજન્સીઓ, એનજીઓના પ્રયત્નોની જરૂર છે. શાળા કોલેજના બાળકોએ માર્ગ સલામતી સપ્તાહનો લાભ લઈ હાઈવે કોડ, માર્ગ ઓળંગતી વખતની સલામતી, સાયકલ, મોટર સાઈકલ કે કાર ચલાવવાની નિપુણતા, સલામત ડ્રાઈવિંગ, ખરાબ ડ્રાઈવિંગને લીધે પેદા થતાં જોખમો, મોબાઈલ ફોનનો ઉપયોગ, મોટર સાયકલ ચલાવતા હોવ ત્યારે હેલ્મેટ અને કારમાં સીટ બેલ્ટનું મહત્વ વિશે જાણકારી મેળવી ભારતને સલામત બનાવવાની આ ચળવળમાં જોડાવું જોઈએ. દેશના યુવાનો આગળ આવી પોતે માર્ગ સલામતીના નિયમોનું ચુસ્ત પાલન કરી કરાવી ઘણા અકસ્માતોને અટકાવી શકાય તેમ છે.